સશિપ/ફેબ્રુ.૦૪/૧૫૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : તૃતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ને આધારે)**

પ્ર.૧. (અ) **નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. સત્સંગમાં દૃઢ પાયો કેનો થાય ને કેનો ન થાય ?
૨. 'મામેકં શરણં વ્રજ' - આશરાની અનન્યતા
૩. ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ.
૪. અમારી આગળ જે કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તો તે અમને દીઠો જ ગમે નહિ.
૫. ચક્રવર્તી રાજાના દૃષ્ટાંતે પરમેશ્વરનો મહિમા.

(બ) **નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. અષ્ટાવરણે યુક્ત .................. નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.
૨. એવી રીતે એ .................. માહાત્મ્યસહિત ભક્તિ આવે છે.
૩. માટે પોતાની ભક્તિને .................. ત્યાં પેસવા દેવા નહિ.
૪. અને જેવે રૂપે .................. પ્રીતિ થાય જ નહિ.
૫. એક દ્રવ્યાદિકનો લોભ .................. ક્યારેય થાય જ નહિ.

(ક) **નીચેના કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી વચનામૃતના જ શબ્દોમાં બે અવતરણો ટાંકો :** ૪

(૧) આત્મનિષ્ઠા
(૨) આત્મબુદ્ધિ





**('સનાતન ધર્મ અભિગમ'ને આધારે)**

પ્ર.૨. **નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. પુનઃજન્મ અંગે હિંદુશાસ્ત્રોના અભિપ્રાયો
૨. બ્રહ્મચર્યભંગનાં કારણો અને તેનાં પાલનના અકસીર ઈલાજો.
૩. સ્વામિનારાયણ સંપ્રદાયમાં મૂર્તિપૂજાનો મહિમા તથા મૂર્તિના પ્રકારો.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૨, ૩ અને ૪' નવી આવૃત્તિને આધારે)**

પ્ર.૩. (અ) **નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. શ્રીહરિનાં સ્ત્રીભક્તો
૨. કસોટીની આકરી સરાણ પર - પરમહંસો
૩. શ્રીહરિનાં ચરિત્રો દ્વારા વ્યક્ત થતી સર્વોપરિતા

(બ) **નીચેનામાંથી કોઈપણ બે વિષે ટૂંક નોંધ લખો.** ૨૦

૧. ખૈયા ખત્રીનું પરિવર્તન
૨. આણંદમાં અપમાન
૩. અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કરતા શ્રીહરિ.
૪. બામરોલીમાં પગીઓને ઉપદેશ.